(18) આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ પેન્શન મેળવતાં પેન્શનરોના તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલોની રકમ પેન્શનરના બેન્કના એકાઉન્ટમાં જમા કરાવવા અંગે.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ ક્રમાંક : પરચ-1099-ડી-565-પી,

સચિવાલય, ગાંધીનગર, તા. 3-10-99

વંચાણે લીધા : (1) નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક : ટીજેએન-1071-5488-જીએચ, તા. 28-3-72

(2) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ-5697-ડી-11-5-1, તા. 10-3-97

ઠરાવ :-

રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓ તથા પેટા તિજોરી કચેરીઓમાંથી પેન્શન/ કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોને આમુખ ક્રમાંક (1) તથા આમુખ ક્રમાંક (2) આગળ દર્શાવેલ નાણાં વિભાગના ઠરાવ અન્વયે જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ બેંક મારફતે પેન્શનનું ચુકવણું કરવાનું ઠરાવેલ છે. હાલમાં આ પ્રથા હેઠળ પેન્શનરને માસિક પેન્શનની રકમ તથા પેન્શનના તફાવતની રકમ બેંક મારફતે ચુકવવામાં આવે છે.

આ પ્રથા હેઠળ પેન્શન મેળવતા પેન્શનરોને તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલો તિજોરી કચેરીના કાઉન્ટર પર રજૂ કરવાની તથા બિલોના ચેક કાઉન્ટર પરથી મેળવવાની પ્રથા અમલમાં છે. આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ પેન્શન મેળવતા પેન્શનરોને તબીબી ખર્ચ પરત ભરપાઈનાં નાણાં મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા માટે અને તેમને સરળતાથી અને સહેલાઈથી તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલોનાં નાણાંની ચુકવણી થઈ શકે તે હેતુસર, આ પ્રથા હેઠળ બેંક મારફતે પેન્શન મેળવતાં પેન્શનરોના કિસ્સામાં પેન્શનર તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલોની રકમ પણ પેન્શનરના બેંકના ખાતામાં તિજોરી/ પેટા તિજોરી દ્વારા જમા કરવવા અંગે સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. આ અંગે. કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણાને અંતે બેંક માસફતે પેન્શન મેળવતા પન્શનરોના કિસ્સામાં, જો તેઓ સ્વેચ્છાએ વિકલ્પ આપે તો, તબીબી ખર્ચ પરત ભરપાનાં બિલોની રકમ પણ પેન્શનની જેમ જ પેન્શનરના બેંકના ખાતામાં તિજોરી/ પેટા તિજોરી અધિકારીશ્રી મારફતે જમા કરાવવાનું સરકારશ્રીએ આથી ઠરાવેલ છે.

આ અંગે નીચે મુજબની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવે છે :

(1) તબીબી ખર્ચ પરત ભરપાઈના બિલની રકમ બેંક મારફતે મેળવવા ઈચ્છતા પેન્શનરે તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારીને આ ઠરાવ સાથે સામેલ નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

(2) આ અરજી સાથે, આ સાથેના પરિશિષ્ટ-1 માં નમૂનામાં તબીબી ખર્ચ પરત ભરપાઈ બિલની રકમ બેંકના ખાતામાં જમા કરાવવાનો વિકલ્પ તથા પરિશિષ્ટ-2 ના નમૂનામાં તબીબી ખર્ચ પરત ભરપાઈ બિલમાંથી અમાન્ય દાવા તથા તબીબી સારવાર ખર્ચની રકમ તથા બિલમાં સરવાળા ભૂલને કારણે કપાત કરવાપાત્ર રકમ બિલમાંથી કપાત કરવા માટે તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારીને અધિકાર આપતો અધિકારપત્ર પણ રજૂ કરવાનો રહેશે.

(3) પેન્શનર દ્વારા તબીબી ખર્ચ પરત ભરપાઈના બિલની રકમ બેંકના ખાતામાં જમા કરવવાનો વિકલ્પ આપવામાં આવશે, તે પેન્શનર જ્યાં સુધી વિકલ્પ બદલે નહિ ત્યાં સુધી અમલમાં રહેશે, પરંતુ પેન્શનર નાણાંકીય વર્ષ દરમ્યાન વચ્ચેના કોઈપણ સમયે વિકલ્પ બદલી શકશે નહિ.

(4) પેન્શનર તરફથી ઉપર મુજબ અરજી અને પરિશિષ્ટો મળ્યેથી તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારીએ તબીબી ખર્ચ પરત ભરપાઈ બિલોનાં ચુકવણાંની નોંધ માટે નિભાવવામાં આવતાં રજિસ્ટરના બેંક મારફતે તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલોનું ચુકવણું કરવાનું છે, તેની નોંધ કરવાની રહેશે.

(5) આ પ્રથા હેઠળ પેન્શનરે તબીબી ખર્ચ પરત ભરપાઈનુ બિલ તિજોરી / પેટા તિજોરી કચેરીને મોકલી આપવાનું રહેશે. તિજોરી / પેટા તિજોરી અધિકારી દ્વારા બિલની નિયમાનુસાર ચકાસણી કરીને બિલ પાસ કરીને તેનો ચેક પેન્શનરના ખાતામાં જમા કરવવા માટે તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારીએ સંબંધિત બેંકને મોકલી આપવાનો રહેશે તેમજ બેંકને ચેક મોકલવા અંગેની તથા કપાત કરેલ રકમ અંગેની જાણ સંબંધિત પેન્શનરને પત્ર દ્વારા કરવાની રહેશે. જે તે મહિનાની 18મી તારીખ સુધીમાં રજૂ થયેલ તબીબી ખર્ચ પરત ભરપાઈનાં બિલોનાં ચેક પછીના માસની 19 મી તારીખ સુધીમાં બેંકને મોકલી આપવાના રહેશે.

(6) પેન્શનર દ્વારા રજૂ થયેલ તબીબી ખર્ચ પરત ભરપાઈના બિલમાં સરવાળા ભૂલ કે દવા તથા તબીબી સારવાર અંગેના સામાન્ય ખર્ચ સિવાયના અન્ય વાંધાજનક કિસ્સામાં તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારી પેન્શનરનું બિલ વાંધા હેઠળ ખાતાથી બિલ રજૂ કર્યાના 7 (સાત) દિવસમાં યુ.પી.સી. (અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટ) થી પેન્શનરને પરત મોકલી આપશે. પેન્શનરને બિલ મળ્યેથી વાંધાઓની પૂર્તતા કરીને બિલ ફરીવાર તિજોરી / પેટા તિજોરી અધિકારીને મોકલી આપવાનું રહેશે.

(7) પેન્શનરે રજૂ કરેલ બિલમાં સરવાળા ભૂલ કે તબીબી સારવાર અંગેના અમાન્ય ખર્ચના કિસ્સામાં તિજોરી / પેટા તિજોરી અધિકારી બિલની રકમમાંથી આ પ્રકારના અમાન્ય ખર્ચની રકમ બાદ કરીને બિલ મંજૂર કરીને તેનો ચેક પેન્શનરના બેંકના ખાતામાં જમા કરાવવા માટે સંબંધિત બેંકને મોકલી આપશે.

4. આ પ્રથા તા. 1-11-99 થી અમલમાં આવશે.

5. આ પ્રથા અન્વયે અન્ય આનુસંગિક સૂચનાઓ તિજોરીઓ / પેટા તિજોરીઓને આપવા અંગે હિસાબ અને તિજોરી નિયામકશ્રીને આથી અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શામજી પટેલ
સંયુક્ત સચિવ, નાણાં વિભાગ

● ● ● ●